બાળકો અને
નવયુવાનો માટે

# હાદી
માસિક

રમઝાન, હીજરી સન ૧૪૩૨,
ઓગસ્ટ - ૨૦૧૧

અંક
૩૪




રૂા.
30/-



# અલ્લાહના નેક નામો

# અલ્-ગફૂરો

**ખુદાવન્દે આલમના મહાન ગુણોમાંથી એક ગુણ-કે જે નામ તરીકે પણ વપરાય છે તે "અલ-ગફૂરો" છે.**

**મહત્વના અર્થ :** (૧) ખુબ મોટા પ્રમાણમાં રક્ષણ પુરૂ પાડનાર (૨) ખુબ વધારે રક્ષણ આપનાર (૩) અત્યંત મોટા પ્રમાણમાં બખ્શવાવાળો (૪) શરૂઆતથી જ (મૂળથી જ) ખરાબ અસરોથી સુરક્ષિત રાખનાર.

**આ નામ અંગેનું કુરઆનમાં દૃષ્ટાંત :** હુર્મરત અલય કોમુલ મયતતો - વદ્દમા - વ - લહમુલ ખિનઝીર..., ફઈન્નલાહા ગફૂરૂર્રહીમ.

**અર્થાત્ :** (હે લોકો !) તેણે (અલ્લાહે) તમારા ઉપર મુરદા તથા લોહી તથા સુવ્વરનું માંસ અને એ જાનવર કે જેના ઉપર (જેને જિબ્હ કરતાં સમયે) અલ્લાહ સિવાય બીજા કોઈનું નામ લેવામાં આવ્યું હોય (તેને) હરામ કર્યું છે...પણ જે કોઈ ભૂખના કારણે વ્યાકુળ બનીને અને તે ખુલ્લી રીતે આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર અને ગુનાહનો હેતુ રાખનાર ન હોય (એવો વ્યક્તિ) ઉપરોક્ત વસ્તુઓ(કે જે હરામ કરવામાં આવી છે) માંથી કાંઈ ખાઈ લે તો તે તેના માટે ગુનાહ નથી. બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયાળુ છે. (સૂરએ બકરાહ-આયત-૧૭૩).

**માઅસૂમીન અ.સ.ની વાણી :** "ફઅગસ્ની-વ-ફર્રિજઅન્ની-યા મન યકબલુય્યસીરા - વાઅફો અન્નિલ કસીરા - ઈન્નકા અન્તલ ગફૂરૂર્રહીમ."

**અનુવાદ :** હે એ કે જે થોડુક પણ સદ્ કાર્યને સ્વીકારી લે છે ! અને ઘણાં ગુનાહોને પણ માફ કરી દે !! મારી ફરિયાદ સાંભળ - મને ખુબ વધારે આપ. મારા થોડાંક સદ્કાર્યો સ્વીકારી લે - અને મારા ઘણાં ગુનાહોને (પણ) માફ કરી દે !!! નિશંકપણે તું જ મોટો માફ કરનાર અને દયાળુ છે. (દુઆએ ઈફતેતાહ)

**આ નામની ખાસિયતો અને ફાયદાઓ :**

(૧) ઈબાદતો દરમ્યાન શયતાની વસવસાઓથી રક્ષણ માટે દરરોજ સવારની નમાઝ પછી ૧૦૦ વખત **"યા-ગફૂરો"**નો વિર્દ લાભદાયક છે.

(૨) **"યા-ગફૂરો"**ને વધારે પઢતાં રહેવું તે દરેક પ્રકારના વસવસાઓ (શંકા-કુશંકાઓ) થી રક્ષણ માટે ફાયદાકારક છે.

(૩) ગુનાહોની બખ્શિશ અને રક્ષણ માટે રાત્રી દરમ્યાન કોઈ પણ સમયે **"યા-ખૈરૂલ-ગાફેરીન"** નો ૨૧૮૧ વખત વિર્દ કરવો ફાયદાકારક છે.

(૪) દિવસ દરમ્યાન કોઈપણ વખતે ૧૨૮૬ વખત **"યા ગફૂરો"** નો વિર્દ કરવો તે ગુનાહોની બખ્શિસ અને વસવસાઓથી રક્ષણ મેળવવા માટે લાભદાયક છે.

(૫) જો કોઈનાથી કોઈ ગુનાહ થઈ ગયો હોય અને તે એવું ઈચ્છતો હોય કે તે (એ ગુનાહને કારણે) દુન્યા અને આખેરતમાં અપમાનિત (રૂસ્વા) ન થાય તો તેણે શુક્રવાર (જુમ્આ) ના દિવસે ઝોહરના સમયે ૧૨૮૬ વખત **"યા ગફૂરો"** નો વિર્દ કરવો જોઈએ. ઈન્શાઅલ્લાહ તે અપમાનથી બચી જશે.



E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم

## રમઝાનુલ મુબારક,
## હીજરી સન ૧૪૩૨, ઓગસ્ટ-૨૦૧૧

### બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

અલ્લાહનું ઘર 'ખાનએ કાઅબા' છે. અલ્લાહની કિતાબ (પુસ્તક) કુરઆન છે. અલ્લાહનો દીન ઈસ્લામ છે. તેવી જ રીતે અલ્લાહનો મહીનો "રમઝાનુલ મુબારક" છે.

આ મહીનો પોતાની સાથે કેટલી બધી નેઅમતો લઈને આવે છે તેનો અંદાજો એ કથનો (રિવાયતો)માંથી લગાવી શકાય છે જેમાં આ મહીનાને બરકતોનો મહીનો – મગફીરત (ગુનાહોની માફી) નો મહીનો, દુઆઓની સ્વીકાર્યતા (કબૂલ થાય તે) નો મહીનો – દરિદ્રોને (તેમને દાન – દક્ષિણા આપીને) માન–મરતબો આપવાનો મહીનો – ખુદાની દયા–કૃપા (રહમત)નો મહીનો – જેમાં કુરઆન ઉતર્યું છે તે મહીનો – સમિત અને નાતિક કુરઆનનો મહીનો અને શબેકદ્રનો મહીનો કહેવામાં આવ્યો છે.

આ મહીનામાં જ શબેકદ્ર આવે છે. શબેકદ્રમાં લવહે મહેફૂઝ ઉપર કુરઆન ઉતારવામાં (નાઝિલ કરવામાં –લખવામાં) આવ્યું છે અને ઈમામતના સિલસિલાની બીજી કડી – રસૂલે સકલૈન (સ.અ.વ.)ના ફરઝન્દની મુબારક વિલાદતે તો રમઝાન માસની મહાનતામાં અનેકગણો વધારો કરી દીધો છે.

બંદગીના આ માસમાં ખુદાએ ભુખ્યા અને તરસ્યા રહેવાને પોતાની સાચી બંદગી ગણી છે.

વહાલા બાળકો !

જે બાળકોએ આ માસમાં રોજા રાખ્યા હોય તે પોતાનો ફોટો–નામ–ઉંમર અને કેટલા રોજા રાખ્યા છે તે વિગતો અમને અવશ્ય મોકલે. અમે તેમને પ્રોત્સાહન આપવા માટે તેમને 'હાદી'માં પ્રસિધ્ધ કરીશું અને તેમને ઈનામો પણ એનાયત કરીશું.

વહાલા બાળકો !

બાળકો તો માઅસૂમ હોય છે. તેમની માઅસૂમ દુઆઓ પાક પરવરદિગારને ખૂબ જ પસંદ આવે છે. રસૂલે ઈસ્લામ (સ.અ.વ.) પણ બાળકોને ખૂબ ચાહતા હતા.

તેથી તમે પણ રમતાં–રમતાં પોતાના 'હાદી' માસિક માટે, તેમાં સેવા આપનારાઓ માટે, તેના ગ્રાહકો અને વાંચનારાઓ માટે દુઆઓ જરૂર કરજો ! કેમકે આ મહીનો દુઆઓ કબૂલ થવાનો ખાસ મહીનો છે.

વસ્સલામ

**વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/-**


**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક–પ્રખર વિદ્વાન–કૌમના સંનિષ્ઠ સેવક :

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :

**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી :

**સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો :

**અહમદ રઝા ઝુરારહ**

**તાલીમરઝા અજમેરી**

**એહસાનઅલી રીઝવી**

અનુવાદક :

**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**

આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :

(Skype Graphics) સાજીદ પંજ

9898013082

E-mail : sajidpanj@yahoo.in



**વિગતો માટે સંપર્ક :**

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

Mukhtar Abbas Vasaya

91, Longthrnton Road, LONDON, SW 16 5QF

Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746

E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

E-mail : hadimasik@yahoo.com

Website : www.hadikids.org

# અજંપાના દિવસો



પોતાના જીવનના દરેક તબક્કે - દરેક વળાંક ઉપર ઈસ્લામ અને મુસલમાનોની સેવા કરનાર, બધી જ મુશ્કેલીઓ અને પ્રશ્નોને ઉકેલી આપનાર વ્યક્તિ હઝરત અલી અ.સ.- એ એવા મહાન વ્યક્તિ છે અને તેઓ જીવન માર્ગનો એવો અમુલ્ય ખજાનો છે જેમનો જોટો મળવો અશક્ય છે. મોલાએ કાયનાત એક એવા મહાન વ્યક્તિ હતા જેઓ એક સંપૂર્ણ મનુષ્યમાં હોવી જોઈએ એવી દરેક ખુબી - દરેક ગુણ અને તમામ વિશેષતાઓ ધરાવતાં હતા.

પરંતુ અફસોસ કે શાંતિ, ભાતૃભાવ, સમાનતા અને ઈસ્લામી સંસ્કૃતિની પ્રતિક સમી આ વ્યક્તિ પણ જગતવાંચ્છુ લોકોની દુશ્મનાવટથી બચી શકી નહીં અને ૧૯ રમઝાન સને ૪૦ હિજરીનાં દિવસે સવારે ખુદાના ઘર એટલે કે મસ્જિદમાં અને તે પણ તેઓ નમાઝમાં પ્રવૃત્ત હતા ત્યારે ઝેર પાએલી તલવારથી તેમના મુબારક માથાને જખ્મી કરવામાં આવ્યું.





આપનામાં દયાવૃત્તિ અને સમાનતાની ભાવના એટલી ઉત્કૃષ્ટ કક્ષાએ હતી કે જ્યારે આપને ઝખ્મી કરનારને પકડીને આપની સામે લાવવામાં આવ્યો ત્યારે આપે જોયું કે બીકને કારણે તેના મોઢાનો રંગ ઉડી ગયો છે ત્યારે આપને પોતાને જખ્મી કરનાર વ્યક્તિ ઉપર પણ દયા આવી ગઈ અને પોતાના બંને ફરઝન્દો ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ.ને સૂચના આપી કે "જુઓ ! આ તમારો કેદી છે, તેની સાથે સખ્તાઈપૂર્વક વર્તન કરશો નહીં, તમો પોતે જે ખાવ તે જ તેને ખવડાવશો. જો હું સારો થઈ જાઉં તો મને એ અધિકાર હશે કે જો હું ઈચ્છું તો તેને સજા કરૂં અને હું ઈચ્છું તો તેને માફ કરી દઉં. પરંતુ જો હું આ દુનિયામાં ન રહું તો અને જો તમો એનો બદલો લેવાનો ઈરાદો કરો તો એને એક જ ઘા મારજો - કેમકે તેણે પણ મને એક જ ઘા માર્યો છે અને એના હાથ-પગ કદાપી કાપશો નહી કેમકે આ ઈસ્લામની આચારસંહિતાથી વિરૂધ્ધનું કાર્ય છે."

બે દિવસ હઝરત અલી. અ.સ. એ બીમારીના ખાટલે ખુબ જ તકલીફમાં વિતાવ્યા અને ૨૧ રમઝાનના દિવસે સવારની નમાઝના સમયે આપની શહાદત થઈ. ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ. એ આપને ગુસલ-કફન આપ્યા અને નજફની ધરતીમાં માનવતાના આ મહાન મુગટધારીને હંમેશ માટે ધરતીના હવાલે કરી દીધો.



# પરત મોકલનાર આકાશ

કુરઆને હકીમના સૂરએ તારિકની ૧૧મી આયત આકાશના પરત મોકલવાના કાર્ય તરફ ઈશારો કરે છે.

"વસ્સમાએ ઝાતિર્રુજએ" (પરત મોકલનાર) આકાશના સમ- જે વરસાદ વરસાવે છે. (સૂરએ તારિક : ૧૧)

કુરઆને મજીદના ભાષાંતરોમાં શબ્દ "રૂજઅ" (Cyclical) નો પરત કરનાર - પાછો મોકનાર એવી રીતે પણ અર્થઘટન કરવામાં આવ્યું છે.

અર્વાચીન સંશોધનોને પરિણામે સાબિત થઈ ગયું છે તે પ્રમાણે પૃથ્વી વાતાવરણના જુદા જુદા આવરણો વડે છવાએલી છે. આમાંનું દરેક આવરણ "જીવ" ના લાભાર્થે મહત્વના કાર્યો કરે છે. સંશોધનોના પરિણામે એ હકીકત પણ સાબિત થઈ કે આ આવરણો અવકાશમાંથી આવનારા જુદા જુદા કિરણો સામે આડશ બનીને તે કિરણોને પૃથ્વી ઉપર અથવા અવકાશમાં પરત મોકલવાનું પણ કાર્ય કરે છે. આવો, હવે આપણે આ આવરણોના રીસાયકલ (Recycle) કરવાના કાર્યોમાંથી કેટલાક કાર્યો વિશે જાણકારી મેળવીએ.

ટ્રોપોસ્ફીયર :- આ આવરણ પૃથ્વીથી ૧૨ થી ૧૫ કી.મી.ની ઉંચાઈએ હોય છે અને પૃથ્વી ઉપરથી હવામાં ઉપર જનાર વરાળની ઘનતાને વધારીને તેને વરસાદના સ્વરૂપે "પરત મોકલવા" નું કાર્ય કરે છે.



E-mail : hadimasik@yahoo.com

પૃથ્વીથી ૨૫ કિ.મી. ની ઉંચાઈએ આવેલ ઓઝોનનું આવરણ (Ozonosphere) અવકાશમાં આવતા કિર્ણોત્સર્ગ (Radiation) અને ઉપરની જામલી કિરણો Ultraviolet Rays ને અવકાશમાં "પરત" મોકલી દે છે.

આયોનોસ્ફીયર Ionosphere પૃથ્વી ઉપરથી પ્રસારિત થતી રેડીયોના પ્રવાહોને સંદેશાવ્યવહારના એક ઉપગ્રહની જેમ"પરત" મોકલીને પૃથ્વીના જુદા જુદા ભાગો તરફ મોકલી દે છે. અને આવી રીતે રેડિયો ટેલીવિઝન વાયરલેસ પ્રસારણો લાંબા અંતર સુધી મોકલવાનું શકય બને છે.

મેગ્નેકોસ્ફીયર Magnekosphere :- સૂર્ય અને તારાઓમાંથી નીકળનાર નુકશાનકારક રેડિયો એક્ટીવ કણો Radio Active Particles પૃથ્વી સુધી પહોંચે તે પહેલાં જ તેમને ફરીથી અવકાશમાં જ પરત કરી દે છે.

એ હકીકત છે કે પૃથ્વીના વાતાવરણમાંના આ આવરણોની આવી "પરત મોકલી દેવાની-પરત કરી દેવાની" વિશિષ્ટ શક્તિની જાણકારી નજીકના કાળમાંજ માનવજાતને મળી છે.

પરંતુ કુરઆનમાં તો આ હકીકતનું સ્પષ્ટ વર્ણન સૈકાઓ પહેલાથી છે અને તે બાબત જ એ હકીકત સાબિત કરે છે કે કુરઆન અલ્લાહની વાણી "કલામે ઈલાહી" છે.

# માતા-પિતાનું સ્થાન

**હદીસો :**

હઝરત રસૂલે ખુદા સ.અ.વ.એ ફરમાવ્યું છે કે "જ્યારે સંતાનો પ્રેમભરી દ્રષ્ટિએ પોતાના માતા-પિતાને જુએ છે તો તે પણ (તેમની) ઈબાદત છે (બિહારૂલ અનવાર-ભાગ-૮૨ પા. ૮૦)"

ઈમામ સાદિક અ.સ.થી રિવાયત છે કે આપ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે "ખુદાવન્દે આલમ એ વ્યક્તિ ઉપર પોતાની રહેમત નાઝિલ કરે છે જે પોતાના સંતાનને નેકી કરવામાં (તેની) મદદ કરે છે. તો પુછવામાં આવ્યું કે નેકી માટે સંતાનોની કેવી રીતે મદદ કરી શકાય છે, ત્યારે આપ સ.અ.વ. એ ફરમાવ્યું :

(૧) જે સંતાને પોતાની શક્તિ અને બળ વડે પ્રાપ્ત કર્યું હોય તેને સ્વીકારી લે.

(૨) તેની પાસેથી તેની શક્તિ કરતાં વધારે કામ ન લે.

(૩) તેને ગુનાહો અને વિરોધ ઉપર મજબુર ન કરે.

(૪) તેની સાથે જૂઠ ન બોલે અને તેની સામે મુર્ખાઈભર્યા કાર્યો ન કરે.

**એક પ્રસંગ :-** પયગમ્બર સ.અ.વ. ના પછીના કાળનો આ પ્રસંગ છે કે એક વ્યક્તિ બાપડો બિલ્કુલ હરવા ફરવાથી વિકલાંગ થઈ ગયો હતો અને તે તદ્દન નાના બાળકોની જેમ દેખરેખ ને સેવાચાકરી જેવો લાચાર-અસહાય થઈ ગયો હતો. તેની દિકરી તેની ખૂબ સેવાચાકરી કરતી હતી. તે પ્રેમપૂર્વક તેને દૂધ પાતી





E-mail : hadimasik@yahoo.com

અને નરમ ભોજન ખવડાવતી. એક દિવસ એક મહત્વના વ્યક્તિએ (એક મોટા માણસે) આ દીકરીની સેવા ચાકરીથી પ્રભાવિત થઈને તે પુત્રીને કહ્યું : "હે દિકરી! પિતા સાથે તારા જેવી માયાળુ દીકરી મેં જોઈ નથી. તારી જેમ કોઈ સંતાને પોતાના પિતાનું ઋણ ચુકવ્યુ નહીં હોય" તે દીકરીએ કહ્યું : "હા-એવું હોઈ શકે. પરંતુ હું જેવી રીતે મારા પિતાનું ઋણ ચુકવું છું અને મારા પિતાએ મારૂં જેવી રીતે પાલન-પોષણ કર્યું છે તેમાં ઘણો ફેર છે. હું મારા પિતાની સેવા ચાકરીમાં કાંઈ ઓછપ આવવા દેતી નથી. પરંતુ જ્યારે મારા બાપ મારો ઉછેર કરતાં હતા અને તે મારૂં લાલન પાલન કરતા હતા ત્યારે તે હંમેશા એ બાબતની તકેદારી રાખતા હતા કે એવું કાંઈ ન થઈ જાય કે જેનાથી મને તકલીફ (માનસિક તકલીફ પણ) પહોંચે. અથવા મારા ઉપર કોઈ આફત આવી જાય. હું મારા પિતાની સેવાચાકરી તો કરૂં છું પરંતુ તેમ છતાં હું રાત-દિવસ એ જ દુઆ ગુજારૂં છું કે હે અલ્લાહ ! મારા પિતાને આ જગતમાંથી લઈ લે. જેથી કરીને તેઓ આ કષ્ટમાંથી મુક્ત થઈ જાય. આ રીતે જોઈએ તો સ્પષ્ટ થાય છે કે પ્રેમનો જે ભાવ મારા પિતા પાસે મારા ઉછેરમાં હતો તે મારી પાસે મારા પિતાની સેવા ચાકરી સમયે નથી" તે વ્યક્તિએ દીકરીનો આ પ્રત્યુત્તર સાંભળીને કહ્યું "આ છોકરી મારા કરતા પણ વધારે જ્ઞાની છે, હું ફક્ત જાહેરને જોતો હતો જ્યારે તેણે સત્ય હકીકત જણાવી દીધી છે."

(મજમુમએ કિસ્સાહાએ શીરીન- પા.નં. ૨૪-અને દાસ્તાને ઝનાન પા. ૧૬૨)





# ખાનદાને રિસાલત (રસુલ સ.અ.વ.ના કુટુંબ)નું બીજું પુષ્પ

ઈમામ હસન અ.સ. અને આપના નાના ભાઈ ઈમામ હુસૈન અ.સ. અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અ.સ.ના અને પયગમ્બર અકરમ સ.અ.વ.ની સુપુત્રી ફાતેમા ઝહરા સલા.ની કુખે જન્મેલા સુપુત્રો હતા. પયગમ્બરે અકરમ સ.અ.વ.એ વારંવાર એવું કહ્યું છે કે "હસન અ.સ. અને હુસૈન અ.સ. તો મારા દીકરાઓ છે." તેથી જ હઝરત અલી અ.સ. પોતાના અન્ય તમામ દીકરાઓને કહેતા હતા : "તમો મારા દિકરાઓ છો અને હસન અને હુસૈન અ.સ. રસૂલે ખુદા સ.અ.વ.ના દીકરાઓ છે."

ઈમામ હસને મુજતબા અ.સ.ની વિલાદત સન ૩ હિજરીમાં મદીનામાં થઈ હતી. આપે સાત વરસ અને કેટલાક મહીના સુધી પોતાના નાના (રસૂલે ખુદા સ.અ.વ.)નો જમાનો જોયો હતો અને આપ સ.અ.વ.ના પ્રેમાળ ખોળામાં ઉછર્યા હતા. પયગમ્બરે અકરમ સ.અ.વ.ની વફાત પછી આપ પોતાના પિતા હઝરત અલી અ.સ.ની છત્રછાયામાં ઉછર્યા હતા.

ઈમામ હસન મુજતબા અ.સ. પોતાના મહાન પિતાની શહાદત પછી ખુદાની આજ્ઞાથી ઈમામતના પદે આરૂઢ થયા હતા અને સાથે જ દુન્યાની (ઝાહેરી) ખિલાફતના પણ હક્કદાર બન્યા. લગભગ છ માસ સુધી આપ મુસલમાનોના ખલીફા રહ્યાં અને ઈસ્લામી શાસનની ધુરા સંભાળી હતી.

ઈમામ હસન અ.સ. એ પોતાનો ઈમામતનો સમગ્ર સમયગાળો કે જે લગભગ દસ વરસનો છે, રાજકીય રીતે અનેક મુશ્કેલીઓ અને સખ્તીઓ વેઠીને પસાર કર્યો હતો.

ઈમામ હસન અ.સ. માનવીય ગુણોની ઉત્કૃષ્ટતાની બાબતમાં પોતાના પિતાની સંપૂર્ણ પ્રતિકૃતિ અને પોતાના  નાના પયગમ્બર સાહેબ સ.અ.વ.નો સંપૂર્ણ નમૂનો હતા.



E-mail : hadimasik@yahoo.com

પયગમ્બરે અકરમ સ.અ.વ.ના સમગ્ર જીવન કાળમાં આપ અને આપના ભાઈ (ઈમામ હુસૈન અ.સ.) હંમેશા પયગમ્બર સાહેબ સ.અ.વ.ની સાથે જ રહેતા હતા અને પયગમ્બર સાહેબ સ.અ.વ. ક્યારેક ક્યારેક તેઓને પોતાના ખભે પણ બેસાડી લેતા હતા.



રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવતાં હતા ‘‘હે પરવરદિગાર ! હું આ બંનેને ચાહું છું અને તું પણ આ બંનેને પ્રેમ કરજે.’’ આ ઉપરાંત આપે એવું પણ ફરમાવ્યું હતું કે ‘‘હસન ને હુસૈન જન્નતના યુવાનોના સરદાર છે.’’

એક દિવસ હઝરત ઈમામ હસન અ.સ. પોતાના નાના (રસુલે ખુદા સ.અ.વ.)ની પીઠ ઉપર સવાર થયેલા હતા. એક વ્યક્તિએ (આ જોઈને) કહ્યું ‘‘વાહ ! કેટલી સરસ સવારી છે !!’’

પયગમ્બર સ.અ.વ. એ તરત જ ફરમાવ્યું ‘‘એવું કહો કે કેટલો સરસ સવાર છે.’’

ઈમામ હસન અ.સ. પ્રતિષ્ઠિત અને નમ્ર વ્યક્તિત્વ ધરાવતાં હતા. આપ ગરીબોનો ઘણો ખ્યાલ રાખતા હતા અને રાત્રે તેઓને ભોજન વહેંચતા હતા અને તેમની દરેક રીતે મદદ કરતા હતા. આપે પોતાના જીવનમાં બે વખત પોતાની પૂરેપુરી ધનદોલત ગરીબો અને ફકીરોને આપી દીધી હતી અને ત્રણ વખત પોતાની પુરેપુરી સંપત્તિ વકફ કરી દીધી હતી, જેમાંથી અડધી પોતાના માટે અને અડધી ‘‘રાહે ખુદા’’ માં આપી દીધી હતી. આપના આવા ઉમદા ચારિત્ર્યને કારણે બધા જ લોકોમાં આપ અત્યંત લોકપ્રિય હતા.

ઈમામ હસને મુજતબા અ.સ. ઘણાં જ શુરવીર અને બહાદુર પણ હતા. પોતાના મહાન પિતા હઝરત અલી અ.સ. સાથે જ્યારે આપ યુધ્ધના મોરચે જતા તો હંમેશા સૌથી આગળ જ રહેતા હતા. જંગે ‘‘જમલ’’ અને ‘‘સિફફીન’’માં આપે પોતાની શુરવીરતાનો પરચો શત્રુઓને દેખાડી દીધો હતો. હઝરત અલી અ.સ.ની શહાદત પછી આપે ફક્ત છ માસ માટે જ શાસન સંભાળ્યું હતું.



છેવટે સને ૨૦ હિજરીમાં ઝેર આપવામાં આવ્યું તે કારણે આપની શહાદત થઈ ગઈ હતી.

# મસ્જિદનો પાયો

ઉસ્તાદ હસન ઝાદા આમલી મદદેઝિલ્લહુલ આઅલા ફરમાવે છે કે એક વખત મારી પાસે કેટલાક લોકો આવ્યા અને મને ઘણો આગ્રહ કર્યો કે અમે એક મસ્જિદ બનાવવા માંગીએ છીએ અને તેનો પાયો ખોદવા માંગીએ છીએ તેથી આપ પધારો અને પહેલા કોદાળી આપ પોતાના મુબારક હાથો વડે ચલાવો. મેં ઘણીએ આનાકાની કરી પરંતુ તે લોકો સ્વીકારવા તૈયાર જ નહોતાં, છેવટે મને લઈ જઈને જ રહ્યાં. અમે જ્યારે ત્યાં પહોંચ્યાં તો તમામ તૈયારીઓ થઈ ગએલી હતી. સલવાત-વ-સલામ અને કેમેરાની પૂરી વ્યવસ્થા સાથે કામ શરૂ થયું. તમામ પુરૂષો અને સ્ત્રીઓ એકત્ર થઈ ગએલા હતાં. મેં ઘણાંયે પ્રયત્ન કર્યા કે હું કોદાળી ઉપાડીને મસ્જિદનો પાયો ખોદવા માટે જમીન ઉપર મારૂં પરંતુ આ કામ કરી શકયો નહીં. છેવટે મેં લોકો તરફ ઉભા રહીને કહ્યું "હે લોકો, શું તમે એવું નથી ઈચ્છતાં કે મસ્જિદના પાયા માટે સૌથી પહેલાં કોદાળી એ વ્યક્તિ જ મારે જેની પવિત્રતાની બાબતે બધાં લોકોને સંપૂર્ણ પણે ખાત્રી હોય, જે આ જગતની લોભામણી લાલસાઓથી મુક્ત હોય, જેણે કોઈને છેતર્યા ન હોય અને જે કોઈ લાલચ પણ રાખતો ન હોય અને ટુંકમાં એ કે તેણે અલ્લાહ સાથે જે વાયદો કર્યો છે તેના બાબતે પાબંદ હોય ? "

બધાં લોકોએ એકી અવાજે મારા પ્રસ્તાવને સ્વીકારી લીધો અને કહ્યું કે આ તો શ્રેષ્ઠ વાત છે. તે પછી મેં ચારે બાજુ એ જોયું તો મેં એક ખુણાંમાં એક નાનકડા-નિદોર્ષ બાળકને ઉભેલો જોયો. હું તેની પાસે ગયો અને તેનો હાથ ઝાલીને આગળ લઈ આવ્યો, તેના હાથમાં કોદાળી આપીને તેને કહ્યું " આને જમીન ઉપર મારી દે " તેથી નિદોર્ષ નાનકડા બાળકે તે પ્રમાણે કર્યું. તે પછી મેં બધાં માટે દુઆ કરી કે "ઈન્શા અલ્લાહ - ખુદા આ ગામ અને આ પ્રદેશને ખૈરો બરકતવાળો બનાવે અને સઘળા લોકોને મસ્જિદવાળા બનાવી દે એટલે કે લોકોના આઅમાલ અને ઈબાદતોથી આ મસ્જિદ આબાદ રહે."

(મહઝરે ઉસ્તાદ મોહસિન ગુરૂમાનમાંથી - પા.નં.૬૪-૬૫)



# સર્વોત્તમ ભોજન કરો - સર્વોત્તમ રીતે ઊંઘો અને સર્વોત્તમ રીતે રહો

એક દિવસ જનાબ લુકમાન હકીમે પોતાના પુત્રને કહ્યું : "દિકરા! આજે હું તમને ત્રણ શિખામણો આપું છું. જો તમે તેના ઉપર અમલ કરશો તો હંમેશા સફળ રહેશો."

(૧) પ્રયત્ન કરો કે પોતાના જીવનમાં તમે દુન્યાનું સર્વશ્રેષ્ઠ ભોજન કરો.

(૨) પ્રયત્ન કરો કે પોતાના જીવનમાં તમે જગતની સર્વશ્રેષ્ઠ પથારી ઉપર ઊંઘો.

(૩) પ્રયત્ન કરો કે પોતાના જીવનમાં તમે સર્વોત્તમ મહેલ અને ઘરોમાં રહો.

લુકમાન હકીમના દીકરાએ આ સાંભળીને કહ્યું : "પિતાજી! આપણે તો ઘણાંજ દરિદ્ર છીએ, આવું કરવું આપણાં માટે કેવી રીતે શક્ય થઈ શકે છે ? "

જનાબ લુકમાને ફરમાવ્યું : દિકરા ! તો સાંભળો :

જો તમે ભોજન આરોગવા માટે થોડુંક મોડું કરીને (એટલે કે ભૂખ બરાબર લાગે તે પછી જ) અને તે પણ થોડુંક ઓછું (એટલે કે ભૂખ હોય તેના કરતાં પણ થોડુંક ઓછું) ભોજન લેશો તો તે ભોજન તમારા માટે જગતનું સર્વશ્રેષ્ઠ ભોજન સાબિત થશે.

જો મહેનત વધારે કરશો અને થોડુંક મોડું કરીને (એટલે બરાબર થાક લાગે તે પછી પણ થોડુંક મોડું કરીને) સુવા જશો તો તમે કોઈપણ જગ્યાએ સુઈ જાવ તો પણ તે ઊંઘ તમને જગતની સર્વોત્તમ પથારી ઉપર ઉંઘવા સમાન લાગશે અને જો તમો લોકો સાથે મિત્રતા કેળવશો અને તેમના હૃદયમાં પોતાના માટે સ્થાન બનાવી લેશો તો એ જગતના સર્વોત્તમ મકાનોના તમે માલિક બની ગયાં હોય તેના જેવું છે.






# અહલેબૈત અ.સ.ની જ્ઞાન પારંગતતા

ઈલ્મુલ કિતાબ : ઈમામ હુસૈન અ.સ. એ ફરમાવ્યું છે કે “અમે એ લોકો છીએ જેમની પાસે સંપૂર્ણ કિતાબ (કુરઆન શરીફ)નું જ્ઞાન ને તેનો સારાંશ (અર્થ) મોજુદ છે અને અમારા સિવાય સમગ્ર સૃષ્ટિમાં કોઈ એવો નથી (એટલે કે અમારા જેટલું જ્ઞાન ધરાવતો નથી) એટલે કે અમે અલ્લાહના રહસ્યોના અહલ (યોગ્ય-જાણકાર) છીએ. (મનાકિબે ઈબ્ને શહર આશૂબ-૪-૫૨- અસબાઅ બિન નબાતા કૃત)”

કુરઆનનું અર્થઘટન : રસૂલે અકરમ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે “મારા પછી અલી અ.સ. લોકોને કુરઆનનો અર્થ વિસ્તાર કરવાનું જ્ઞાન શિખવાડશે અને તેમને તેનાથી જાણકાર કરશે” (શવાહે દુત્તનઝીલ-૧ પા. ૨૮/૩૯)

ઈસ્મે આઝમઃ- ઈમામ અલી અ.સ. એ ફરમાવ્યું છે કે સમ એ મહાન ઝાતના જેણે દાણાંને ફોડ્યો છે અને જીવનને પેદા કર્યું છે. હું પૃથ્વી અને આકાશના શાસનના એટલા અધિકાર ધરાવું છું કે તમને તેના એક અંશની પણ જાણકારી મળી જાય તો તમે તેને જીરવી શકશો નહીં. પરવરદિગારના ૭૨ ઈસ્મે આઝમ છે. જેમાંથી આસિફ બિન બરખ્યાને ફક્ત એકનું જ જ્ઞાન મળી ગયું હતું અને તે નામ લેતાંની સાથે જ પૃથ્વી સમેટાઈ ગઈ અને તેમણે સબા દેશમાંથી બિલ્કીશનું સિંહાસન ઉઠાવી લીધું અને તે પછી પૃથ્વી તેની અસલ સ્થિતિમાં આવી ગઈ અને અમારી પાસે તમામ ૭૨ ઈસ્મે આઝમનું જ્ઞાન છે. ફક્ત એક નામ છે જેને ખુદાએ પોતાના ગૈબના ઈલ્મનો હિસ્સો બનાવીને (ગુપ્ત) રાખ્યો છે. (બિહારૂલ અનવાર ૨૭/૩૭/૫ અલ બુરહાન-૨- પા. ૪૯૦)




E-mail : hadimasik@yahoo.com

બધી જ ભાષાઓનું જ્ઞાન :- ઈમામ અલીનો ઈર્શાદ છે : "અમને પક્ષીઓની ભાષાઓનું જ્ઞાન પણ એવી રીતે જ આપવામાં આવ્યું છે જે રીતે સુલૈમાન-બિન-દાઉદને આપવામાં આવ્યું હતું. અમે પૃથ્વી અને સમુદ્રના તમામ જીવોની ભાષા જાણીએ છીએ. (મનાકિબે-ઈબ્ને શહર આશૂબ-૨-પા. ૫૪)"

ભૂતકાળ અને ભવિષ્યકાળ : ઈમામ સાદિક અ.સ. - "હે ખુદા ! જેણે અમને ભૂતકાળ અને ભવિષ્યકાળનું સંપૂર્ણ જ્ઞાન આપેલ છે અને અમને અંબિયા અ.સ.ના જ્ઞાન ભંડારના વારસદાર બનાવ્યા છે અને અગાઉ થઈ ગયેલી સઘળી ઉમ્મતોનો સિલસિલો અમારા ઉપર ખત્મ કર્યો છે અને અમને વિસાયતની વિશિષ્ટતા બક્ષી છે. (બસાએ રુદ્ર દરજાત-૩/૧૨૯)"

મૃત્યુ અને આફતો :- ઈમામ અલી. અ.સ. : અમો અહલેબૈત એ લોકો છીએ જેમને મૃત્યુ - દુર્ઘટનાઓ - રોજગારી અને વંશોની જાણકારી અતા કરવામાં આવેલ છે.

અમારા પૈકી કોઈ એકને પણ પુલ ઉપર ઉભો કરી દેવામાં આવે, તમામ ઉમ્મતને ત્યાંથી પસાર કરવામાં આવે તો તે દરેક વ્યક્તિના નામ અને વંશ બતાવી શકશે. (બસાએ રૂદ્ર દરજાત - ૧૨/૨૬૮)

પૃથ્વી અને આકાશ :- રસૂલે અકરમ સ.અ.વ. :- આકાશમાં કોઈ પક્ષી પોતાની પાંખો ફેલાવે તો તેનું જ્ઞાન પણ અમને હોય છે. (ઓયુને - અખબારે રિઝા - ૫૪/૩૨)

રાત-દિવસની ઘટનાઓ :- અબૂબસીર ઈમામ બાકિર અ.સ.ની સેવામાં હાજર થયા અને તેમણે અહલેબૈત અ.સ.ના જ્ઞાન વિશે પ્રશ્ન કર્યો ત્યારે આપ અ.સ.એ ફરમાવ્યું : અમારો આલિમ ખાસ ગયબતનું જ્ઞાન ધરાવતો નથી અને જો ખુદા તેમને સોંપી દે તો તમારા જેવો જ હોત. પરંતુ તેને દિવસે રાત્રીની વાતો બતાવી દેવામાં આવે છે અને રાત્રે દિવસની ઘટનાઓથી વાકેફ કરી દેવામાં આવે છે અને આ રીતે કયામત સુધીની પરિસ્થિતિથી જાણકાર કરી દેવામાં આવે છે. (બસાએ રૂદ્ર દરજાત ૨/૩૨૫)

# القدس تنزف



# યવ્મુલ કુદસ (કુદસનો દિવસ)

રમઝાન માસનો છેલ્લો જુમ્આ (શુક્રવાર) “યવ્મે કુદસ” (કુદસનો દિવસ) છે અને આ યવ્મે કુદસ ઈમામ ખુમૈનીની કદી વીસરી ન શકાય તેવી યાદગાર છે. વરસોથી સતત એવો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે “કુદસ” ને ભુલાવી દેવામાં આવે. પરંતુ વૈશ્વિક “યવ્મે કુદસ” એ આ ષડયંત્રને નિષ્ફળ બનાવી દીધું છે.

“યવ્મે-કુદસ” ફક્ત ઈરાન સાથે સંકળાયેલ નથી પરંતુ સંપૂર્ણ ઈસ્લામી જગત સાથે સંબંધિત છે.

“યવ્મે-કુદસ” મુસલમાનોના ખુબ જ મહત્વપૂર્ણ ધ્યેયો અંગે ચેતવણી આપવાનો દિવસ છે.






"યવ્મે કુદસ" મુસલમાનોની તમામ કોમોની અગ્નિપરીક્ષાનો દિવસ છે.

"યવ્મે કુદસ" એક એવી મહાન ચળવળ છે જેણે નિઃશંકપણે સામ્રાજ્યવાદ ઉપર ઘણો મોટો પ્રભાવ પાડ્યો છે અને ભવિષ્યમાં એનાથી પણ વધારે મોટા પ્રમાણમાં પ્રભાવ પાડતો રહેશે.

"યવ્મે કુદસ" યહૂદીઓના અત્યાચારી શાસનના અપવિત્ર મુખ ઉપર એક જોરદાર થપ્પડ છે.



આપણે આ દિવસે અત્યાચાર પીડિત પેલેસ્ટાઈનની જનતા અને તેમના શહીદો અને મસ્જિદે અક્સાની તરફદારી અને સહાયતાના કાજે અને બળજબરીથી સત્તા પચાવી પાડનાર યહૂદીઓ વિરૂદ્ધ પોતપોતાના વિસ્તારો-શહેરો-ગામડાઓ-સભાઓ અને મસ્જિદોમાં પ્રચંડ વિરોધ પ્રદર્શન કરવા જોઈએ.

અને આવી રીતે અત્યાચાર વિરૂદ્ધ અવાજ બુલંદ કરીને અત્યાચારીઓ પ્રત્યે પોતાના ધિક્કારની લાગણીની અને અત્યાચાર પીડિતોની તરફદારીની ઘોષણાં કરવી જોઈએ.




# શબે કદ્ર

પયગમ્બરે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે "જે કોઈપણ વ્યક્તિ શબે કદ્રને જીવતી રાખશે તો આવતા વરસ સુધી અઝાબ તેના ઉપરથી ઉઠાવી લેવામાં આવશે." (ઈકબાલુલ–આઅમાલ–ભા–૧– પા. ૩૯૫)

પયગમ્બરે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે "જે કોઈપણ વ્યક્તિ શબે કદ્ર (ની રાત) ઈમાન અને સવાબના હેતુસર ઈબાદતમાં પસાર કરશે તેના અગાઉનાં (ભૂતકાળના) તમામ ગુનાહો માફ કરી દેવામાં આવશે. (ફઝાઈલે અશહરૂસ્સલાસા– પા ૧૩૨)

ઈમામ સાદિક અ.સ. એ ફરમાવ્યું છે શબે કદ્ર (તો) રમઝાનના મુબારક મહિનાનું હૃદય છે. (બિહાર–ભા. ૫૮ પા. ૩૭૪)

ઈમામ સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કે "ભાગ્ય (રમઝાન માસની) ૧૯ મી ની – તેની પુષ્ટિ એકવીસમી ની અને તેના ઉપર સહી (સિક્કા) ત્રેવીસમીની રાત્રે થાય છે. (અલકાફી–ભા. ૪, પા. ૧૫૯)

## રેહબરે ઈન્કિલાબે ઈસ્લામી આકાએ ખામનાઈ નો સંદેશો :

શબે કદ્ર અલ્લાહની બારગાહમાં તૌબા અને ગુનાહોની માફી માંગવાની (ઈસ્તિગફાર) રાત્રી છે. તેથી શબે કદ્રની કદર કરવી જોઈએ. (તેનું મહત્વ સમજવું જોઈએ) શબે કદ્ર એ રાત્રી છે જેમાં ફરિશ્તાઓ પૃથ્વીને આકાશ સાથે જોડી દે છે. દિલો ઉપર નૂરનો વરસાદ વરસાવે છે અને જીવનને અલ્લાહની દયા અને કૃપાથી સમૃદ્ધ કરી દે છે. શબે કદ્ર આધ્યાત્મિક સલામતીની રાત્રી છે. મન અને પ્રાણની સલામતીની રાત્રી છે.

શબે કદ્ર ખરેખર તો ઈમામે ઝમાનાની રાત્રી અને વિલાયતની રાત્રી છે. હઝરતે વલીયુલ અસ્ર (અરવાહોના લહુબફિદાઅ) નું ધ્યાન ધરવાની રાત્રી છે કેમકે સમગ્ર જગત ઈમામે ઝમાનાના અસ્તિત્વના ચારેકોર પ્રદક્ષિણા કરે છે.



# માણસને બગાસાં કેમ આવે છે ?

બગાસું આવવાનું વૈજ્ઞાનિક કારણ હજુ પણ સંશોધનનો વિષય છે. છતાં અત્યાર સુધીની શોધખોળમાં અમુક તથ્યો બહાર આવ્યાં છે. દિવસના અંતે માણસ થાકે ત્યારે તેનાં સ્નાયુ શિથિલ થતાં શ્વાસોશ્વાસ આપમેળે ધીમો પડે છે. પુખ્ત વયના માણસને દર મિનિટે છ લીટર હવા જોઈએ છે. તેમાંની ૧૫% હવા એકલુ મગજ વાપરી નાખે છે. માટે એ હવાનો પુરવઠો તેને પહોંચાડવા દર મિનિટે ૦.૮૫ લીટર જેટલું લોહી મગજમાં ફરી વળે છે. શ્વાસોચ્છવાસનો દર ઘટી જતાં મગજને ગૂંગળામણ થાય એટલે તે બગાસાના સંકેત આપે છે અને ઊંડો શ્વાસ લેવા માટે ફેફસાને આદેશ મોકલે છે. ત્યાર બાદ આવતું સરેરાશ બગાસું ૫.૫ સેકન્ડ સુધી ચાલુ રહે છે. જો એક બગાસાથી મગજને રાહત ન થાય તો બીજું, ત્રીજું અને ચોથું બગાસું પણ આવે છે. ઉપરાઉપરી બગાસા ખાવા પડે તે ઊંઘ આવવાનો સંકેત છે. ઊંઘ આવ્યા પછી શરીરનું તંત્ર વધારે ઓકિસજન માગતું નથી. એટલે સામાન્ય રીતે દિવસના સમયમાં બગાસાં આવતાં નથી. સિવાય કે કોઈ કામ કંટાળાજનક લાગતું હોય.



# સૌથી શક્તિશાળી કોણ ?



એક દિવસ એક ઉંદરના બચ્ચાએ પોતાની માતાને પુછયું કે સૌથી શક્તિશાળી કોણ છે ? તેની માતાએ કહ્યું : એવું તો કોઈ નથી, દરેક પોતપોતાની રીતે શક્તિશાળી હોય છે, પરંતુ તે ઉંદરના બચ્ચાએ એ વાત સ્વીકારી નહીં, અને જંગલ તરફ જવા લાગ્યો કે કોઈ શક્તિશાળી મિત્ર શોધીને તેની સાથે મિત્રતા કરી શકાય, તે ચાલતો રહ્યો, ચાલતો જ રહ્યો એટલે સુધી કે થાકી ગયો.

અને નીચે બેસીને આરામ કરવા લાગ્યો. ત્યાં તેની દૃષ્ટિ ખૂજ બ ગરમ અને પ્રકાશિત સૂર્ય ઉપર પડી. તેણે મનમાં વિચાર્યું - કદાચ આજ સૌથી શક્તિશાળી છે. આખીયે પૃથ્વીને તે પ્રકાશિત કરે છે. આ વિચારીને તે ઉભો થયો અને બૂમ પાડીને કહ્યું : હે સૂરજ ! તું આકાશમાં ચમકે છે. હું એક શક્તિશાળી મિત્રની શોધમાં છું. શું તું મારો મિત્ર બનીશ ?



સૂર્ય તેની વાત સાંભળીને હસ્યો અને કહ્યું : તે સાચું કહ્યું છે કે હું ખૂબ જ પ્રકાશિત છું પરંતુ વાદળ તો મારા કરતા પણ વધારે શક્તિશાળી છે કેમકે તે મારી આગળ આવીને મારા પ્રકાશને રોકી લે છે. ઉંદરે સૂર્ય પાસેથી વિદાય લીધી અને આગળ ચાલવા લાગ્યો.



E-mail : hadimasik@yahoo.com

હવે તે વાદળ સાથે મિત્રતા બાંધવાનું વિચારીને આગળ વધતો હતો ત્યાં જ આકાશમાં તેણે વાદળના એક ટુકડાને જોયો. તેણે રોકાઈ જઈને વાદળને સલામ કર્યા અને કહ્યું, હે વરસાદ વરસાવનાર વાદળ ! હું એક શક્તિશાળી મિત્રને શોધુ છું. શું તું મારી સાથે મિત્રતા કરીશ ? વાદળે પણ હસીને કહ્યું : એ સાચું છે કે હું વરસાદ વરસાવું છું, પરંતુ હવા મારા કરતાં પણ વધારે શક્તિશાળી છે. તે મને પણ આમ-તેમ ધકેલી દઈ શકે છે. ઉંદર ફરી આગળ વધવા લાગ્યો.



અને ફૂંકાતા પવનને તેણે મોટા સાદે બોલાવ્યો. એકાએક વંટોળ જેવું ફૂંકાયું - ઉંદર સમજી ગયો કે હવા આવી ગઈ છે. તેથી તેણે સલામ કરી ને હવાને પુછયું - હે બળવાન હવા ! તું દરેક જગ્યાએ ફૂંકાય છે. હું એક બળવાન મિત્રની શોધમાં છું. શું તું મારી મિત્ર બનીશ ? હવાએ પણ એ રીતે જ જવાબ આપ્યો. એ હકીકત છે કે હું દરેક જગ્યાએ જઈ શકું છું. પરંતુ પર્વત મારા કરતાં પણ બળવાન છે. કેમકે જ્યારે પર્વત મારા માર્ગમાં આવી જાય છે તો મારે પણ રોકાઈ જવું પડે છે તેથી તે મારા કરતાં વધારે બળવાન છે. ઉંદરે હવાનો આભાર માન્યો અને પર્વતની શોધમાં ચાલી નિકળ્યો.



તે પર્વત પાસે ગયો. થોડેક સુધી ઉપર પણ ચઢ્યો, પછી કહ્યું "હે શક્તિશાળી પર્વત ! તું મારો મિત્ર બનીશ. મારે એક શક્તિશાળી મિત્ર જોઈએ છે." પર્વત પણ હસ્યો અને કહ્યું : "હા, હું શક્તિશાળી છું. પરંતુ પૃથ્વી મારા કરતાં પણ વધારે શક્તિશાળી છે. મારું અસ્તિત્વ જ તેના ઉપર ટકી રહ્યું છે, તે હાલે છે તો મને હલાવી મૂકે છે. તે વખતે એક જગ્યાએ ટકી રહેવાની શક્તિ મારામાં પણ રહેતી નથી.



આ સાંભળીને ઉંદર પર્વત ઉપરથી નીચે ઉતરી આવ્યો અને પૃથ્વીને બોલાવી અને કહ્યું : હે શક્તિશાળી પૃથ્વી, કે જે પર્વતને પણ પોતાના સ્થાનેથી હલાવી મૂકે છે ! મારે એક શક્તિશાળી મિત્ર જોઈએ છે, શું તું મારી મિત્ર બનીશ ?"

પૃથ્વીએ કહ્યું એ વાત સાચી છે કે હું ખુબ જ શક્તિશાળી છું પરંતુ મારાથી વધારે પણ બળવાન વસ્તુઓ છે.

....... દા.ત. તું પોતે !!! તું પોતે જ એટલો શક્તિશાળી છે કે મારા શરીરમાં કાણાં પાડી દે છે અને તે રોકવાની શક્તિ મારામાં નથી.



ઉંદર સમજી ગયો કે તેની માતાએ સાચું કહ્યું હતું કે જે અસ્તિત્વ ધરાવે છે, તે દરેક કાર્ય કરી શકે છે, પરંતુ વિચારવાની દિશા સાચી હોવી જોઈએ અને સાચી દિશામાં વિચારવામાં આવે તો સૌથી શક્તિશાળી એજ જણાઈ આવશે જેણે સૂર્ય-વાદળ-હવા-પૃથ્વી અને મારા પોતાનું સર્જન કર્યું છે.


E-mail : hadimasik@yahoo.com

# કી-બોર્ડ પર મૂળાક્ષરો ક્રમ પ્રમાણે કેમ હોતા નથી ?

**A S D F G H J K L ; '**

**Z X C V B N M**

ટાઈપરાઈટરની શોધ થઈ ત્યારે મુળાક્ષરો એ,બી,સી,ડી ના ક્રમમાં હતા, પણ તે ચાલે એમ ન હતું. કેમકે ઘણાં અંગ્રેજી શબ્દો ટાઈપ કરતી વખતે મૂળાક્ષરની દાંડી એકબીજા સાથે ટકરાતી હતી અને પરસ્પર ચોંટી પણ જતી અને ટાઈપિંગનું કામ ધીમું પડી જતું. પરિણામે અંગ્રેજી શબ્દોમાં મોટા ભાગે કયા મુળાક્ષરો એક પછી એક રિપિટ થાય છે તેનું સંશોધન કરવામાં આવ્યું. આ સમુહનાં મૂળાક્ષરોની દાંડીને એકબીજાથી જુદી રાખવા તેમની વચ્ચે અંતર રાખવામાં આવ્યું અને કી-બોર્ડ ની ગોઠવણ સદંતર બદલવામાં આવી. પણ આ ગોઠવણ સગવડભરી ન હતી. કેમકે વધુમાં વધુ કી દબાવવાનું કામ કમજોર આંગળીઓ પર આવતું હતું. તો પણ QWERTY એ જ કી-બોર્ડ દુનિયાભરમાં વપરાવા લાગ્યું. (આ કી-બોર્ડ પર શરૂઆતના મૂળાક્ષરો Q, W, E, R, T, Y વગેરેના ક્રમમાં ગોઠવાયેલા હોય છે, તેથી તેનું નામ પડ્યું છે.) ટાઈપરાઈટર પછી કોમ્પ્યુટર શોધાયું. જેમાં દાંડી જેવું કશું ન હતું. આથી દરેક કીનું સ્થાન કોમ્પયુટર ઑપરેટરને માફક આવી શકે એવું રાખી શકાત છતાં ટાઈપિસ્ટ પણ ફરી તાલીમ લીધા વગર કોમ્પ્યુટર ઉપર કામ કરી શકે એટલે QWERTY નું અગવડભર્યુ કી-બોર્ડ ચાલુ રાખવામાં આવ્યું, જે હવે બદલાય એમ નથી.



# બાળકોની ડાયરી

વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



માવાણી મહંમદરઝા સજજાદઅલી



દેવજાણી રીઝવાના રફીકઅલી
નાગલપૂર, અંજાર, કચ્છ.



ફજલ અબ્બાસ મુનીર અબ્બાસ રવજાણી
સુલેમાન ખાકુ પાર્ક સોસાયટી.



મિઠવાણી હસનૈન રઝા હબીબઅલી
જીવાબાવાનો ચોક, રાજુલા.

મિઠવાણી સજ્જાદ રઝા હબીબ અલી
જીવાબાવાનો ચોક, રાજુલા.



મિઠવાણી સજ્જાદ રઝા હબીબ અલી
જીવાબાવાનો ચોક, રાજુલા.



**ભાયાણી મહેદી રજા એ.**
હવેલી ચોક, પ્રિન્સ પેલેસ,
ખોજા જમાતખાના સામે, ભાવનગર.





**લાખાણી અબ્બાસ**
મોચી ચોક, રાજૂલા.



**જાફરી ફજલ અબ્બાસ**
ગલી નં.૩, સ્ટેટ બેંકની સામે, કુંભારવાડ, રાજૂલા.







**નકવી અલીનવાઝ**
હાજીનાજી બોર્ડિંગ, ભાવનગર.



**ભીમાણી સિબ્તૈન હુસૈન એચ.**
જીવાબાવા ચોક, રાજૂલા સીટી.

# આર્ટ ગૅલૅરી

વહાલા બાળકો, અહીં આપેલ ચિત્રમાં કુરઆનનો સૂરો (સૂરઃઅન્-નસ્ર)ને ચિત્ર દ્વારા દર્શાવવામાં આવેલ છે,
હવે તમે તેની અંદર સુંદર મજાના મનગમતા રંગ પૂરો, જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ



## نصر

## સૂરઃ અન્-નસ્ર

إِذَا جَآءَ نَصْرُ ٱللَّهِ وَٱلْفَتْحُ ﴿١﴾

જ્યારે અલ્લાહની મદદ આવી જાય અને વિજય પ્રાપ્ત થઈ જાય



وَرَأَيۡتَ ٱلنَّاسَ يَدۡخُلُونَ فِي دِينِ ٱللَّهِ أَفۡوَاجًا ۝٢

અને (હે પયગંબર !) તમે જોઈ લો કે ટોળે-ટોળાં
અલ્લાહના દીન (ઈશ્વરીય ધર્મ)માં દાખલ થઈ રહ્યા છે



فَسَبِّحۡ بِحَمۡدِ رَبِّكَ وَٱسۡتَغۡفِرۡهُۚ إِنَّهُۥ كَانَ تَوَّابَۢا ۝٣

તો પોતાના રબ (પ્રભુ)ની પ્રશંસા સાથે તેની "તસ્બીહ" (ગુણગાન) કરો,
અને તેનાથી ક્ષમાની દુઆ કરો, નિઃશંક તે મોટો તૌબા (ક્ષમા) સ્વીકારનારો છે.



عید مبارک

# ઈદે ફિત્રનો દિવસ

ઈદે ફિત્રનો દિવસ ઈબાદત અને અલ્લાહ પાસે પોતાના ગુનાહોની ક્ષમા યાચના (મગફિરત)નો દિવસ છે. ઈદે ફિત્રનો દિવસ ઐક્ય-ભ્રાતૃભાવ અને એકત્ર થવાનો દિવસ છે. શુકનવંતી ઈદે ફિત્ર મુસલમાનોની ઈદ - ઈસ્લામ અને પયગમ્બરે ઈસ્લામની પ્રતિષ્ઠાનું કારણ અને ઈસ્લામનો ક્યારેય ખત્મ ન થનારો ખજાનો છે.

શુકનવંતા ઈદે ફિત્રના પ્રસંગે ઈસ્લામી જગતે આ શુભ દિવસથી નસીયત લેવી જોઈએ અને ખુદાની તરફ પાછા ફરવાની બાબતે પ્રયાસ કરવો જોઈએ.

**અમીરૂલ મોઅમેનીન અ.સ. એ ફરમાવ્યું છે કે :**

હે લોકો ! આ એ દિવસ છે જેમાં સદ્કાર્યો કરનારાઓને તેમના સદ્કાર્યોનો સવાબ મળશે. અને જે લોકોએ રમઝાનમાં બુરા કૃત્યો કર્યા છે તેઓ નુકશાનમાં રહેશે અને (અલ્લાહની દયા અને કૃપાથી) વંચિત રહેશે અને ખરેખર તો આ દિવસ એ વ્યક્તિ માટે ઈદનો દિવસ (ખુશાલીનો દિવસ) છે જેના રોઝા-નમાઝો અને ઈબાદતોને પરવરદિગારે કબુલ કર્યા હોય, અને દરેક વ્યક્તિ માટે એવો દરેક દિવસ ઈદનો દિવસ છે જેમાં તેણે પરવરદિગારની કોઈ આજ્ઞાનું ઉલ્લંઘન ન કર્યુ હોય.





E-mail : hadimasik@yahoo.com

# પત્રાવલી

વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**રબાબ રઈસઅલી મોમીન**
તાજપુર મોમીનવાડ, જમાલપુર, અમદાવાદ.




**નકવી અલીનવાજ એ.**
હાજીનાજી બોર્ડિંગ, માળીટેકરા, ભાવનગર.



**દેવજાણી સાબીર હુસૈન**
હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ, આંબાચોક, ભાવનગર.



**લાખાણી ઓનઅલી ઝાકીરઅલી**
મોચી ચોક, ફુલવાળાની બાજુમાં, રાજુલા.





# માહે રમઝાન અને રોઝાની હદીસો

★ એક વખત આપ સાહેબ (સ.અ.વ.)એ જનાબ જાબિર બિન અબ્દુલ્લાહને ફરમાવ્યું હતું કે "આ રમઝાનના મુબારક માસમાં જે વ્યક્તિ દિવસે રોઝો રાખે છે, રાત્રે દુઆ માંગતો રહે છે અને (આખાયે માસ દરમ્યાન) જે પોતાના પેટ - મન - જીભ અને પ્રલોભનો પર કાબૂ રાખે છે તે વ્યક્તિ પોતાના ગુનાહોથી એવી રીતે પાક થઈ જાય છે જેવી રીતે આ રમઝાન માસ આપણાં વચ્ચેથી પસાર થઈ જાય છે." જાબિરે અરજ કરી "હે અલ્લાહના નબી (સ.અ.વ.) કેટલો સારો વાયદો છે ?" નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું "પરંતુ જાબિર ! તેની શરતો કેટલી મુશ્કેલ છે ?"

(અલકાફી : ભાગ-૪, પા.૮૭)

★ નબીયે અકરમ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે ખુદાવન્દે આલમ રમઝાનના મુબારક મહીનામાં મારા અનુયાયીઓ (ઉમ્મત) ને પાંચ એવી વસ્તુઓ ઈનાયત કરે છે જે અન્ય કોઈ નબીના અનુયાયીઓ (ઉમ્મતો)ને આપવામાં આવી નથી.







E-mail : hadimasik@yahoo.com



(૧) જ્યારે રમઝાનના મુબારક માસનો પહેલો દિવસ આવે છે, ત્યારે ખુદાવન્દે આલમ મારા અનુયાયીઓ (ઉમ્મત) ઉપર પોતાની દયા અને કૃપાની દૃષ્ટિ નાંખે તે જ તેમના માટે પૂરતી છે કેમ કે તે પછી તે (ખુદા) કોઈને અઝાબ (દુઃખ) આપતો નથી.

(૨) ખુદાવન્દે આલમ સમક્ષ રોઝાદારના મોઢાની સુગંધ મુશ્ક અને અંબરની સુગંધીઓ કરતાં વધારે સુગંધવાળી ગણવામાં આવે છે.

(૩) રહમતના ફરિશ્તાઓ રાત-દિવસ તેમના માટે (મારી ઉમ્મત-મારા અનુયાયીઓ માટે) દુઆ અને ગુન્હાઓની માફીની દુઆ કરતાં રહે છે.



(૪) ખુદા સ્વર્ગને આજ્ઞા કરે છે કે તે (સ્વર્ગ-જન્નત) પોતાને અલ્લાહના રોજા રાખનાર બંદાઓ માટે શણગારી લે. કેમકે તેઓ (રોજા રાખનાર બંદાઓ) દુન્યવી કષ્ટ વેઠ્યા પછી (અલ્લાહ પાસેથી) આરામની આશા લઈને આવે છે.

(૫) જ્યારે રમઝાનના મુબારક માસની અંતિમ રાત્રી આવે છે ત્યારે તે (અલ્લાહ) બધાંને (બધા રોઝા રાખનારાઓને) માફ કરી દે છે. (મહેમાન હાયે ખુદા દર માહે રમઝાન - પા.૫૮)

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૬૯૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

# અવકાતે સહેરી વ ઈફતાર

## હિ.સ.-૧૪૩૨ • સન - ૨૦૧૧

| ચાંદ | મહિનો | વાર | ખત્મે સહરી | વક્તે ઈફતાર |
|---|---|---|---|---|
| ૧ | ઓ.૨ | મંગળ | ૪-૪૨ | ૭-૩૩ |
| ૨ | ૩ | બુધ | ૪-૪૨ | ૭-૩૨ |
| ૩ | ૪ | ગુરૂ | ૪-૪૩ | ૭-૩૨ |
| ૪ | ૫ | શુક્ર | ૪-૪૩ | ૭-૩૧ |
| ૫ | ૬ | શનિ | ૪-૪૩ | ૭-૩૧ |
| ૬ | ૭ | રવિ | ૪-૪૪ | ૭-૩૦ |
| ૭ | ૮ | સોમ | ૪-૪૪ | ૭-૩૦ |
| ૮ | ૯ | મંગળ | ૪-૪૫ | ૭-૨૯ |
| ૯ | ૧૦ | બુધ | ૪-૪૫ | ૭-૨૮ |
| ૧૦ | ૧૧ | ગુરૂ | ૪-૪૬ | ૭-૨૮ |
| ૧૧ | ૧૨ | શુક્ર | ૪-૪૬ | ૭-૨૭ |
| ૧૨ | ૧૩ | શનિ | ૪-૪૬ | ૭-૨૬ |
| ૧૩ | ૧૪ | રવિ | ૪-૪૭ | ૭-૨૫ |
| ૧૪ | ૧૫ | સોમ | ૪-૪૭ | ૭-૨૫ |
| ૧૫ | ૧૬ | મંગળ | ૪-૪૭ | ૭-૨૪ |

| ચાંદ | મહિનો | વાર | ખત્મે સહરી | વક્તે ઈફતાર |
|---|---|---|---|---|
| ૧૬ | ૧૭ | બુધ | ૪-૪૮ | ૭-૨૩ |
| ૧૭ | ૧૮ | ગુરૂ | ૪-૪૮ | ૭-૨૨ |
| ૧૮ | ૧૯ | શુક્ર | ૪-૪૯ | ૭-૨૨ |
| ૧૯ | ૨૦ | શનિ | ૪-૪૯ | ૭-૨૧ |
| ૨૦ | ૨૧ | રવિ | ૪-૪૯ | ૭-૨૦ |
| ૨૧ | ૨૨ | સોમ | ૪-૫૦ | ૭-૧૯ |
| ૨૨ | ૨૩ | મંગળ | ૪-૫૦ | ૭-૧૮ |
| ૨૩ | ૨૪ | બુધ | ૪-૫૦ | ૭-૧૭ |
| ૨૪ | ૨૫ | ગુરૂ | ૪-૫૧ | ૭-૧૬ |
| ૨૫ | ૨૬ | શુક્ર | ૪-૫૧ | ૭-૧૫ |
| ૨૬ | ૨૭ | શનિ | ૪-૫૧ | ૭-૧૫ |
| ૨૭ | ૨૮ | રવિ | ૪-૫૨ | ૭-૧૪ |
| ૨૮ | ૨૯ | સોમ | ૪-૫૨ | ૭-૧૩ |
| ૨૯ | ૩૦ | મંગળ | ૪-૫૨ | ૭-૧૨ |
| ૩૦ | ૩૧ | બુધ | ૪-૫૨ | ૭-૧૧ |

'સહેરી' અને 'ઈફતાર' માટે સુબ્હ સાદિકની પહેલા અને મગરીબ પછી થોડો સમય તે ખાસ વસ્તુઓ છોડી દે જે રોઝાને બાતીલ કરે છે. (તવઝીહુલ મસાએલ)

નોંધ : (૧) વક્તે ઈફતારમાં એહતીયાત ટાઈમ રાખવામાં આવેલ છે.
(૨) બની શકે તો મગરીબની અઝાન પુરી થાય પછી જ રોઝો ખોલવાનો આગ્રહ રાખવો.

## ઈફતારની દુઆઓ

બિસ્મિલ્લા હિરરહમા નિર રહીમ

યા અઝીમો યા અઝીમો અન્ત ઈલાહી લાએલાહલી ગય્રોકા ઈગફિર લેયઝ ઝન્બલ અઝીમ ફઈન્નહુ લાયગફેરુઝ ઝન્બલ અઝીમ ઈલ્લલ અઝીમ.

પહેલો લુકમો લેતી વખતે આ મુજબ કહે :

બિસ્મિલ્લા હિરરહમા નિર રહીમ

યા વાસેઅલ મગફેરતે ઈગફિરલી. અલ્લાહુમ્મ લક સુમતો વ અલા રિઝકેક અફતરતો વ અલયક તવક્કલતો.

ઈફતાર વખતે "સુરએ ઈન્ના અન્ઝલનાહ" પઢવો સુન્નત છે.

સુન્નત છે કે મગરીબની નમાઝ પઢી રોઝો ઈફતાર કરે.

# HADI MASIK


: Publishers :

Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612
E-mail : hadimasik@yahoo.com
Website : www.hadikids.org





Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474